Letter No: SJED/0150/03/2024 Dt: 07-03-2024

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકના ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમમાં હિસાબી અધિકારી (વર્ગ-૨) ની ૦૧ નવી જગ્યા ઉભી કરવા બાબત.
નવી બાબત વર્ષ-૨૦૨૪-૨૫, રકમ રૂ.૦.૦૮ કરોડ

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: **SJED/GVV/e-file/17/2023/3261/A Section**
સચિવાલય, ગાંધીનગર
તા.૦૭/૦૩/૨૦૨૪

<u>વંચાણે લીધા</u>:-

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા:૧૬/૦૨/૨૦૨૪નો પત્ર ક્રમાંક:વિજાક/મકમ/ન.બા./૨૦૨૩-૨૪/૧૪૫

<u>આમુખ</u>:

રાજ્યની વિચરતી અને વિમુક્ત જાતિઓના સર્વાંગી વિકાસ માટે સરકારશ્રી દ્વારા ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમની રચના કરવામાં આવેલ છે. આ નિગમમાં વિવિધ પ્રકારની હિસાબી કામગીરી માટે હિસાબી અધિકારી (વર્ગ-૨) ની ૦૧ નવી જગ્યા ઊભી કરવાની નવી બાબતને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના અંદાજપત્રમાં સમાવવામાં આવેલ છે. જેને વહીવટી મંજૂરી આપવા નિયામક, વિકસતી જાતિ કલ્યાણની કચેરીના વંચાણે લીધેલ ક્રમ (૧) પરના પત્રથી અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી. સદર નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u>:-

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકના ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમમાં હિસાબી અધિકારી (વર્ગ-૨) ની ૦૧ નવી જગ્યા (પે મેટ્રીક્ષ લેવલ- નં.૮, રૂ.૪૪,૯૦૦-૧,૪૨,૪૦૦; **ROP-2016**) ઊભી કરવા અંગેની કુલ રૂ.૦.૦૮ કરોડની વર્ષ-૨૦૨૪-૨૫ ની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો</u>:

૧. પ્રસ્તુત યોજના અંગેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૪ પછી કરવાનો રહેશે.

૨. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તેજગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

૩. સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સા.વ.વિ./નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

૪. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે નાણાં વિભાગે જોવાનું રહેશે. આજગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

૫. આ જગ્યાઓ પર નિમણૂક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.

૬. કમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમો અનુસાર ઉમેદવાર નિયત થયેલકોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

૭. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.

૮. જે તે જગ્યાના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી સંવર્ગ સંચાલકની રહેશે.

૯. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/3/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક:નપન/૨૦૦3/ જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ

Signature valid
Signed by:H B Joshi
Section Officer
Date: 2024.03.07
12:50:08 +05:30

આવરી લેવાના રહેશે.

૧૦. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ એ જગ્યાની મુદત લંબાવવાની દરખાસ્ત ચાલુ મુદ્દત પૂરી થતા પહેલાંના બે માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

૧૧. સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં નાણા વિભાગ(કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજૂરી અચૂક મેળવી લેવાની રહેશે.

૧૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન સંબંધિત નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૧૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૧૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૧૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષના આખરે સરન્ડર કરવાની રહેશે.

૧૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૭. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ માંગણી નંબર- ૯૨, સેકટર -ખ સામાજીક સેવાઓ, સબ સેક્ટર -ગ અનુ.જાતિ/ જનજાતિઓ અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, મુખ્ય સદર -૨૨૨૫ અનુ.જાતિ/ અનુ. આદિજાતિઓ અન્ય પછાતવર્ગ અને કલ્યાણ પેટા મુખ્ય સદર - ૮૦, ગૌણ સદર ૧૦૧ - વિમુક્ત અને અન્ય અસ્થાયીઓનું કલ્યાણ, પેટા સદર (૨૦) ડીએનટી ૮ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ની જોગવાઈઓમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૦૫/૦૩/૨૦૨૪ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હરિત આર. દોશી

સેક્શન અધિકારી

સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ

નકલ રવાના: (જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે)

- માન. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.)ના અંગત સચિવશ્રી સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (ક.ગ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ- સદર નવી જગ્યા ભરવા માટે આગળની આનુષાંગિક કાર્યવાહી કરવાની વિનંતી સહ...
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર (મારફતનિયામકશ્રી (વિ.જા.ક) મારફત)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર/- સદરહુ ઠરાવને વિભાગને વેબ સાઈટ પર અપલોડ કરવા સારૂ...

Letter No: SJED/0150/03/2024   Dt: 07-03-2024

- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- સિલેક્ટ ફાઇલ-૨૦૨૪